# પ્રાંતિજ ટોલનાકા પાસે આરટીઓની સઘન ચેકીંગ ઝુંબેશ

## દિવસ દરમિયાન મોટા વાહન ધારકો પાસેથી કુલ ૧.૨૮ લાખનો દંડ વસુલવામાં આવ્યો

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કતપુર પાસે આવેલ ટોલ નાકા પર સવારથી ગુજરાતના સંયુક્ત ટ્રાન્સપોર્ટ કમિશનરના આદેશથી સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ચેકીંગ દરમિયાન જુદી જુદી ટુકડીઓ બનાવી તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરાઈ હતી.

ટોલ પ્લાઝા પરની આ તપાસ ઝુંબેશમાં દિવસ દરમિયાન મોટા વાહનોની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ચેકીંગમાં પાસ-પરમીટ, ડોકયુમેન્ટસ તેમજ આરટીઓની માન્યતાનો ભંગ કરીને ચાલતા મોટા વાહનો પાસેથી દંડ વસુલાયો હતો. જેમાં કુલ ૩૬ મોટા વાહનો પાસેથી કુલ રૂપિયા ૧.૨૮ લાખનો દંડ વસુલવામાં આવ્યો હતો. આ તપાસ ટીમમાં અમદાવાદ, મહેસાણા, હિંમતનગર અને પાટણના આરટીઓ અધિકારીઓની ટીમ બનાવી જુદી જુદી જગ્યાએ ચેકીંગ હાથ ધરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર ગુજરાતમાં અમદાવાદ, બગોદરા, વટામણ, કામરેજ સહિત અનેક જગ્યાએ આ ચેકીંગ ઝુંબેશ યોજાઈ હતી.



ચૂંટણીઓ નજીક આવતી જાય છે તેમ તેમ દારૂની હેરાફેરીમાં વધારો થવા લાગ્યો છે. મેઘરજ તાલુકાના પહાડીયા નજીકથી પોલીસે રૂપિયા ૧.૩૦ કરોડની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો છે. રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશતા ટ્રેલર નં. આર.જે-૯-જીબી-૪૯૮૦ માંથી અલગ અલગ બ્રાન્ડની કુલ ૨૭૧૦ પેટી વિદેશી દારૂની ઝડપાઈ હતી. પોલીસે આ હેરાફેરી કરનાર એક શખ્સ હીરાલાલ માંગીલાલ રાવતની ધરપકડ કરી હતી. જ્યારે તેની સાથેના બીજા ત્રણ સાગરીતો અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. ચૂંટણી ટાણે આટલા મોટા જથ્થામાં દારૂ પકડાતા પોલીસ પણ આશ્ચર્યમાં મુકાઈ છે. બુટલેગરોએ હવે શામળાજીના બદલે મેઘરજ રૂપથી દારૂની તસ્કરી ચાલુ કરેલ છે તેથી તંત્ર દ્વારા સઘન ચેકીંગ હાથ ધરાય તેવી જનતામાં માંગ ઉઠવા પામી છે.

(તસવીર : નિરવકુમાર સુથાર, મેઘરજ)

### પ્રાંતિજ હાઈવે પર રાહદારીનું કરૂણ મોત

પ્રાંતિજથી હિંમતનગર તરફના નેશનલ હાઈવે નં. ૮ પર એક ટેલર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં રોડ પરથી પસાર થઈ રહેલા એક રાહદારીનું કરૂણ મૃત્યુ થયું હતું.

પ્રાંતિજ નેશનલ હાઈવે ત્રણ રસ્તા પાસેથી પસાર થઈ રહેલ ટેલર નં. આર.જે.૨૭ જીએ ૯૮૦૬ના પાછળથી અચાનક બાઈક આવતા ત્યાંથી પસાર થતા રાહદારી પુંજાજી કોદરજી ઠાકોર ટ્રેલરના ટાયર નીચે આવી જતા તેમનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું.

### પાલનપુરમાં રીક્ષાચાલકો બેફામ રીતે ભાડા વસૂલતા હોવાની રાવ

પાલનપુરમાં ઓટો રીક્ષા ચાલકો બેફામ પણે મુસાફરો પાસેથી ભાડા વસુલી ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા હોવાની સ્થાનિકોમાં ફરિયાદ ઉઠવા પામી છે.

પાલનપુર શહેરમાં ઘણા સમયથી રીક્ષાઓના ચાલકો દ્વારા પેટ્રોલ ગેસના ભાવ વધારાનું બહાનું કાઢી મન ફાવે તેમ આડેધડ ભાડા લઈ શહેરીજનો ગ્રામ્યજનોને ખુલ્લે આમ લૂંટી રહ્યા છે. બીજી તરફ જિલ્લા ટ્રાફિક પોલીસે રીક્ષાઓ પર લખાયેલા નંબરો પોલીસની નંબર પ્લેટોવાળા લખી નંબરો લખી રીક્ષા વાળાઓને જાણે બેફામ ભાડા વસૂલવાનો ઠેકો મળી ગયો હોય તેમ વર્તી રહ્યા છે. જેમાં કેરોસીનથી ચાલતી રીક્ષાઓ અને શટલીયા જીપો પણ ઉંચા ભાડા વસુલી લોકોને લૂંટી રહ્યા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

### ભિલોડા આર.જી.બારોટ બી.એડ્., એમ.એડ્. કોલેજમાં શુભેચ્છા સન્માન સમારંભ યોજાયો

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત ભિલોડા આર.જી.બારોટ બી.એડ્., એમ.એડ્.કોલેજમાં તા.૨૦/૩/૨૦૧૪ ને ગુરૂવારના રોજ પ્રશિક્ષણાર્થીઓનો શુભેચ્છા સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સહમંત્રી નયનાબેન કિર્તીકુમાર બારોટ, કારોબારી સભ્ય દેવાંગભાઈ બ્રહ્મભટ્ટ, એમ.એસ.ડબલ્યું.કોલેજ આચાર્ય મિત્તલબેન બરંડા તેમજ સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો. આ કાર્યક્રમ પ્રસંગે સમગ્ર વર્ષ દરમ્યાન યોજાયેલ સહઅભ્યાસિક પ્રવૃત્તીઓ, ગુજરાત રાજ્ય અને યુનિ.કક્ષાએ રમત-ગમતમાં પ્રથમ આવેલ તાલિમાર્થીઓને મોમેન્ટો આપી સન્માન કરી પ્રોત્સાહિત કર્યા હતા.

# શાળાની નીચે આવેલા મોલમાં આગ લાગતા વાલીઓના જીવ પડીકે બંધાયા

(તસવીર : ચેતન રામી, પાટણ)

પાટણ, તા. ૨૨

આજે બપોરના સુમારે શહેરના હાર્દસમા રાજમહેલ રોડ પર આવેલી તપોવન સ્કૂલના નીચેના ભાગે એક ખાનગી મોલમાં આગ ભભુકી ઉઠતા સમગ્ર વિસ્તારમાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આ આગના સમાચાર તપોવન સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ સુધી પહોંચતા જ તેમણે પોતાના વ્હાલસોયા બાળકોની તબીયત જાણવા અને સહી સલામત રીતે છે કે કેમ? તે જાણવા માટે દોટ મુકી હતી અને બાળકોને સલામત રીતે સંતોકબા હોલ ખાતે જોઈ હાશકારો અનુભવ્યો હતો.

બપોરના સમયે લાગેલી આ આગમાં મોલની આજુબાજુમાં આવેલી હોસ્પિટલ, શાળાઓ અને દુકાનો પણ ખાલી કરવાની ફરજ પડી હતી. જો કે સદ્નસીબે આ અંગેની જાણ ફાયર ફાઈટરને કરતા તેમણે આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલા જ ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી. જો કે આગ ગોડાઉનમાં લાગી હોવાથી અને ત્યાં સુધી પાણીનો મારો પહોંચાડવા ગોડાઉનનું બાંધકામ અને દિવાલો પણ તોડવાની ફરજ પડી હતી. બાળકોએ પણ આગ અને ધુમાડાના ગોટેગોટા જોતાં તેઓ પારેવાની જેમ ફફડી ઉઠ્યા હતા અને અચાનક બનેલી આ ઘટનાથી હતપ્રત બની ગયા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક કોર્પોરેટરો, વેપારીઓ અને અગ્રણીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જો કે આ ઘટનામાં કોઈ જ જાનહાની ન થતાં વહીવટીતંત્રએ હાશકારો અનુભવ્યો હતો. જો કે મળતી વિગતોનુસાર આ આગમાં વીસ લાખ જેટલું નુકશાન ખાનગી મોલચાલકને થયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

જો કે આટલી બધી અફડાતફડી મચી હોવા છતાં પાટણ પોલીસતંત્રની ઉંઘ ઉડી નહોતી અને ઘટનાના કલાકો સુધી શહેરનો કોઈ પી.આઈ. કે પી.એસ.આઈ. જોવા મળ્યો ન હતો. જેની લોકોએ પણ ગંભીરતાથી નોંધ લીધી હતી.

# પાલનપુરની લૉ કોલેજમાં મૂટકોર્ટ યોજાઈ

## વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવાસ દ્વારા સુપ્રિમ કોર્ટ અને સંસદની પણ મુલાકાત લીધી

પાલનપુર, તા.૨૨

બી.કે. મર્કેન્ટાઈ બેંક લો કોલેજ, પાલનપુરની દસકા જૂની પરંપરા અનુસાર ચાલુ વર્ષે પણ તા. ૮ માર્ચના રોજ મૂટકોર્ટ ખંડમાં મોક ટ્રાયલ યોજવામાં આવી હતી. હાલમાં લોકસભા ચૂંટણીઓ જાહેર કરાયેલ છે તેને અનુલક્ષીને ચુંટણી સુધારાઓ આગામી ચુંટણીઓમાં દાખલ કરવા માટે સર્વોચ્ચ અદાલતમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતનાં ન્યાયમૂર્તિઓ તરીકે કુ. પાયલ પટેલ અને ઈર્શા સિંધીએ ભૂમિકા ભજવી હતી. સર્વોચ્ચ અદાલતમાં અરજદારના વકીલ તરીકે કુ. લજ્જા વકીલ અને સામા પક્ષે બચાવ વકીલ તરીકે શેહજાદ બિહારીએ ભૂમિકા ભજવી હતી. કોલેજના વિદ્યાર્થીઓને સુપ્રિમ કોર્ટ અને સંસદની મુલાકાત માટે શૈક્ષણિક પ્રવાસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ઈલેકશન ટ્રિબ્યુનલમાં સમગ્ર કેસ સાક્ષીઓની મદદથી ચલાવવામાં આવ્યો હતો. નેતા, ઈલેકશન કમિશનર, જાગૃત મતદારો વગેરેની જુબાનીઓથી વર્તમાન ચુંટણી પદ્ધતિની નબળાઈઓ રજૂ કરીને તેમાં ચોકકસ સુધારાઓ દાખલ કરવા રજૂઆત કરવામાં આવી હતી. ઈલેકશન ટ્રિબ્યુનલના ન્યાયમૂર્તિઓ તરીકે કુ. ફરહાના સિંધી અને ફુરકાને કામગીરી કરી હતી. ટ્રિબ્યુનલ વકીલની ભુમિકામાં કુ. અઝીઝા સિંધી તેમજ સામા પક્ષે રાકેશ ભાટીયાએ દલીલો તેમજ સરતપાસ અને ઉલટ તપાસ કરી હતી. ઈલેકશન ટ્રિબ્યુનલ અહેવાલ બાદ કેસ ફરીથી સર્વોચ્ચ અદાલત સમક્ષ લઈ જવામાં આવ્યો હતો અને ત્યાં દલીલો થયા બાદ સર્વોચ્ચ અદાલતે અરજદારની તરફેણમાં ચુંટણી સુધારાઓ દાખલ કરવા હુકમ કર્યો હતો.

સાક્ષીઓ તરીકેની ભૂમિકા કુ. સ્નેહા દવે, કેયુમ સીંધી, હર્ષ રાવલ, ભરત મેઘાણી, ભરત ચૌધરી, સાગર પઢિયાર બેચ કલાર્ક તરીકે કુ. નિરૂ માજીરાણા અને કુ. મનાલી બાબરીયાએ અને બેલીફ તરીકે અજીત જાદવે સુંદર કામગીરી બજાવી હતી. સ્થાનિક બારમાંથી આવેલ વકીલશ્રી એસ.બી. ઠાકોર, સામંતસિંહ સોલંકી તેમજ પ્રા. ડૉ. અશોક પુરોહિતની પેનલે વિદ્યાર્થીઓની કામગીરી નીરખી નીચેના વિદ્યાર્થીઓને ઈનામી વિજેતા જાહેર કર્યા હતા. પ્રથમ ઈનામ કુ. લજ્જા વકીલ, દ્વિતીય ઈનામ કુ. અઝીઝા સિંધી, તૃતિય ઈનામ કુ. ફરહાના સિંધી, ચતુર્થ ઈનામ ધનેશ નાયર, અતિથિ વિશેષ તરીકે પધારેલ મુંબઈ હાઈકોર્ટ એડવોકેટ વિપુલભાઈ મોદી તેમજ મુખ્ય મહેમાન અને મંડળના પ્રમુખ શિરિષકુમાર મોદીએ પ્રાસંગિક ઉદબોધન કરેલ. સ્વાગત પ્રવચન આચાર્ય સુશ્રી ડૉ. મિનલ ઉપાધ્યાયે, કાર્યક્રમ સંચાલન પ્રા. રવિદાન કૌર અને પ્રા. આરતી દીવેએ કરેલ. આ કાર્યક્રમના અંતમાં ટીવાયએલએલબી સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓ માટે દિક્ષાંત સમારોહ રાખવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપેલ અને કોલેજ પરિવારે તેમને ઉજ્જવળ કારકીર્દી માટે શુભેચ્છા પાઠવી હતી.

વિદ્યાર્થીઓને સુપ્રિમ કોર્ટની પ્રક્રિયાથી માહિતાગર કરવા અને સંસદના બંને ગૃહોની મુલાકાત કરાવવાના હેતુથી એક શૈક્ષણિક પ્રવાસ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રવાસમાં રાષ્ટ્રપતિ ભવનની પણ મુલાકાત લેવામાં આવી હતી.

### ભિલોડા તાલુકાના પહાડા ગામમાં અંગત અદાવત સંદર્ભે ગળદાપાટુનો માર મારતાં ચકચાર

ભિલોડા, તા.૨૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના પહાડા ગામમાં અંગત અદાવત સંદર્ભે ગળદાપાટુનો માર મારતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકાના બોરનાલા ગામના રહેવાસી રાહુલભાઈ અસોડા અને કાળુભાઈ જ્યારે ઝગડતા હતા ત્યારે વસાયા ગામના રાકેશભાઈ નિનામાએ બંન્ને ઈસમોને ઝગડો ના કરો તેમ કરી છુટા કર્યા હતા આ બનાવ સંદર્ભે અંગત અદાવત રાખી પહાડા ગામમાં રાકેશભાઈ નિનામાને બિભત્સ અપશબ્દો બોલી લાકડી વડે ગળદાપાટુનો માર મારી તેમના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. રાકેશભાઈ નિનામાને સારવાર અર્થે ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# સરસ્વતી તાલુકામાં રેશનીંગના વેપારીઓ ઘઉં આપતા નથી

## ઘઉં-ચોખાની કૂપન બનાવાય છે પણ માત્ર કેરોસીન જ અપાય છે : તપાસ કરાય તો કૌભાંડ બહાર આવવાની શકયતા

સરસ્વતી, તા.૨૨

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકામાં કેટલાક સસ્તા અનાજની દુકાનોના સંચાલકો દ્વારા એપીએલ પરિવારોને ઘઉંના જથ્થાનું વિતરણ કરાતું નથી. સરકાર દ્વારા અપાતા ઘઉંથી ગ્રાહકોને વંચિત રખાતા ગ્રાહકોમાં રોષની લાગણી ફેલાવા પામી છે.

સરસ્વતી તાલુકાના રેશનિંગ દુકાનદારો દ્વારા એપીએલ ગ્રાહકોને ઘઉંનું વિતરણ જથ્થાના બહાના હેઠળ કરવામાં આવતું નથી. ગ્રાહક જ્યારે સામાન લેવા આવે ત્યારે કેરોસીન સાથે ઘઉંની પણ કૂપન બનાવાય છે. પરંતુ વિતરણમાં માત્ર કેરોસીન એકલું જ આપવામાં આવે છે. ગ્રાહક દ્વારા ઘઉંની માંગણી કરાતા આગળથી જ ઘઉંનો જથ્થો ઓછો મળતો હોઈ અમે ઘઉં લાવતા નથી તેવો જવાબ સાંભળવા મળે છે. ખરેખર જ જો આગળથી ઘઉંનો જથ્થો ઓછો આવતો હોય અને વેપારીઓ ઘઉંનો જથ્થો લાવતા જ ન હોય તો ઘઉંની કૂપન કેમ બનાવવામાં આવે છે તે પ્રશ્ન ગ્રાહકોને મુંઝવણમાં નાખી રહ્યો છે. વેપારી દ્વારા ઘઉંની કૂપન બનાવી પાછી જમા લઈ લેવાતી હોવાથી ગ્રાહકોમાં કંઈક રંધાઈ રહ્યું હોવાની શંકા પ્રબળ બનેલ છે.

તંત્ર દ્વારા ઘઉંના સપ્લાયમાં જ ઘટ હોવાથી દુકાનદારો વિતરણ બાબતે ગેરસમજ ફેલાતી હોવાનું બહાનું કાઢી રહ્યા છે. જ્યારે ઘઉં ઓછા આવે છે કે બારોબાર કાળા બજાર થઈ જાય છે તેવો પ્રશ્ન ગ્રાહકોમાં ચર્ચાઈ રહ્યો છે. જો યોગ્ય તપાસ કરાય તો આ બાબતે મોટું કૌભાંડ બહાર આવે તેવી ચર્ચા સાથે ગ્રાહકો જિલ્લા કલેકટર અને પુરવઠા અધિકારી દ્વારા તપાસની આશા રાખી રહ્યા છે.

## ડીસાના એડીશનલ સેશન્સ જજ બી.ટી. દવેએ

# ડભોડા હત્યા કેસમાં બે ને આજીવન કેદ, અન્ય બે ને ત્રણ વર્ષની સજા ફટકારી

ડીસા, તા. ૨૨

ડીસા તાલુકાના ડભોડા ગામે થોડા વર્ષો અગાઉ અંગત અદાવતે એક વ્યક્તિની હત્યા થઈ હતી. જેમાં હુમલો કરી હત્યા નિપજાવતા કેસમાં આજ ગામના કુલ પાંચ ઈસમો વિરૂદ્ધ ફરીયાદ થઈ હતી. જે કેસ ડીસાની એડીશ્નલ સેસન્શ કોર્ટમાં ટ્રાયલ પર આવ્યો હતો. જેના ફેસલામાં નામદાર સેશન્સ જજે બે આરોપીઓને આજીવન કેદ જ્યારે અન્ય બે આરોપીઓને ત્રણ-ત્રણ વર્ષની સજા ફટકારી હતી. જ્યારે અન્ય એક આરોપી ટ્રાયલ ચાલે તે પહેલા જ મૃત્યુ પામ્યો હતો. જો કે ખૂન કેસમાં તકસીરવારોને કોર્ટે આકરી એવી આજીવન કેદની સજા ફટકારતા પીડીત પરીવારે કોર્ટના ન્યાયીક ચુકાદાને આવકાર્યો હતો.

આ કેસની મળતી વિગતો એવી છે કે ડીસા તાલુકાના ડભોડા ગામે રહેતા હરીભાઈ રબારીને થોડાક વર્ષો અગાઉ આજ ગામના રહીશ એવા અન્યો સાથે અંગત અદાવતે તકરાર થઈ હતી. જેમાં થયેલ તકરારમાં આરોપી એવા કુરશીભાઈ દાનાભાઈ રબારી, વેરશીભાઈ દાનાભાઈ રબારી, વાહજીભાઈ દાનાભાઈ રબારી, ધુડાભાઈ ખોડાભાઈ રબારી તેમજ દાનાભાઈ ખોડાભાઈ રબારીએ ઉશ્કેરાઈ જઈ મૃતક એવા હરીભાઈ રબારીને ટ્રેક્ટર પર જતા અટકાવી તે કેમ અમારી પર ખોટો કેસ કર્યો છે તેમ કહી કુહાડી, ધારીયા અને લાકડીઓથી જીવલેણ હુમલો કરી તેમની ઘાતકી હત્યા કરી હતી. જે બાદ આ પાંચેય વિરૂદ્ધ હત્યાનો ગુનો દાખલ થયો હતો. જેમાં આ કેસ સેસન્શ કમીટ થઈ ડીસાના એડીશ્નલ જજ બી.ડી. દવે સમક્ષ ટ્રાયલ પર આવ્યો હતો. જેમાં પુરાવાઓનું પૃથ્થકરણ અને વિશ્લેષણ અને જજે આરોપી એવા કુરશીભાઈ રબારી અને વેરશીભાઈ રબારીને આજીવન કેદ જ્યારે અન્ય આરોપી વાહજી રબારી અને ધુડાભાઈ રબારીને ત્રણ-ત્રણ વર્ષની કેદની સજા ફરમાવી હતી. જો કે પાંચમો આરોપી દાનાભાઈ રબારી સુનાવણી પહેલા કુદરતી મોતને ભેટ્યો હતો. આમ કોર્ટે હત્યા જેવા જઘન્ય અપરાધમાં બે આરોપીઓને જન્મટીપની અને અન્ય બે ને ત્રણ-ત્રણ વર્ષની સજા ફટકારતા પીડીત પરીવારે ન્યાય મળ્યાનો સંતોષ વ્યક્ત કરેલ છે.

### ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખપદે બિનહરીફ ચૂંટાતા હસમુખભાઈ પટેલ

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૨

ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણ સંકુલ ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના ઉપપ્રમુખ તરીકે ફરી એક વાર શ્રી હસમુખભાઈ શિવાભાઈ પટેલ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા છે.

ચૂંટણી અધિકારી ડૉ. એ. આર. જાનીએ ગત ૧૮ માર્ચે બહાર પાડેલા જાહેરનામા અનુસાર, રવિવાર, ૨૩ માર્ચ ૨૦૧૪ના રોજ યોજાનારી ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખની ચૂંટણી માટે આ હોદાની એક જગા માટે એક જ ઉમેદવાર હોવાને કારણે શ્રી હસમુખભાઈ શિવાભાઈ પટેલને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે અને પ્રસિદ્ધ કરાયેલા ચૂંટણીના કાર્યક્રમ અનુસાર ઉપપ્રમુખની ચૂંટણી કરવાની રહેતી નથી. સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે બીજી મુદત માટે શ્રી હસમુખભાઈ શિવાભાઈ પટેલની ચૂંટણીને આવકાર આપતાં ચારુતર વિદ્યામંડળને તેમના અનુભવનો લાભ વિકાસનાં કાર્યોમાં મળતો રહેશે એવી શ્રદ્ધા વ્યક્ત કરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન